**GUJARAT BILL NO. 20 OF 2020.**

# THE GUJARAT PREVENTION OF ANTI-SOCIAL ACTIVITIES (AMENDMENT) BILL, 2020.

## *A BILL*

*further to amend the Gujarat Prevention of Anti-Social Activities Act, 1985.*

**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૦ .**

## ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૨૦.

## ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે.

(૨) તે, સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૭મી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

**સન ૧૯૮૫નો ગુજરાતનો ૧૬મો.**

**સન ૧૯૮૫ના ગુજરાતના ૧૬-મા અધિનિયમની દીર્ઘ સંજ્ઞાનો સુધારો.**

**૨.** ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ (જેનો આમાં હવે પછી, મુખ્ય અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, દીર્ઘ સંજ્ઞામાં, ‘‘અનૈતિક વેપાર ગુનેગારો અને મિલકત પચાવી પાડનારાઓની’’ એ શબ્દોને બદલે, ‘‘અનૈતિક વેપાર ગુનેગારો, મિલકત પચાવી પાડનારાઓ, સાઇબર ગુનો કરનારાઓ, નાણાંની ધીરધાર સંબંધી ગુનો કરનારાઓ અને જાતીય ગુનો કરનારાઓની’’ એ શબ્દો મૂકવા.

**સન ૧૯૮૫ના ગુજરાતના ૧૬-મા અધિનિયમની કલમ ૨નો સુધારો.**

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૨માં,-

(૧) ખંડ (ખખ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

‘‘(ખખ) ‘‘જુગારનો અડ્ડો ચલાવનાર’’ એટલે ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭ની કલમ ૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરે અથવા કરવાનો પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;’’; **સન ૧૮૮૭નો મુંબઇનો ૪થો.**

(૨) ખંડ (ખખખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:- **સન ૨૦૦૦નો ૨૧મો.**

“(ખક) “સાઇબર ગુનો કરનાર” એટલે ઇન્ફર્મેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ ના પ્રકરણ ૧૧ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનો કરે અથવા એવો ગુનો કરવાનો પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તેવી વ્યક્તિ;’’;

(૩) ખંડ (ગ)માં, ‘‘ભારતના ફોજદારી અધિનિયમના પ્રકરણ ૧૬ અથવા પ્રકરણ ૧૭’’ એ શબ્દો અને આંકડાને બદલે, ‘‘ભારતના ફોજદારી અધિનિયમના પ્રકરણ ૮ અથવા પ્રકરણ ૧૬ (કલમો ૩૫૪, ૩૫૪-ક, ૩૫૪-ખ, ૩૫૪-ગ, ૩૫૪-ઘ, ૩૭૬, ૩૭૬-ક, ૩૭૬-ખ, ૩૭૬-ગ, ૩૭૬-ઘ અથવા ૩૭૭ સિવાય) અથવા પ્રકરણ ૧૭ અથવા પ્રકરણ ૨૨’’ એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા. **સન ૧૮૬૦નો ૪૫-મો.** **સન ૧૮૬૦નો ૪૫-મો.**

(૪) ખંડ (જ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

“(જક) "નાણાની ધીરધાર સંબંધી ગુનો કરનાર" એટલે ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ ના પ્રકરણ ૯ હેઠળ ગુના કરે અથવા એવા ગુના કરવાનો પ્રયત્ન કરે અથવા કરવામાં મદદગારી કરે તેવી વ્યક્તિ અથવા કોઇ લોન અથવા તેના ઉપરના વ્યાજ વસૂલવા અથવા તેના કોઇ હપ્તા વસૂલવા અથવા લોનના વ્યવહાર સાથે સંકળાયેલ કોઇ સ્થાવર અથવા જંગમ મિલકત લેવા અથવા લોનની અથવા વ્યાજની સમગ્રતઃ અથવા અંશતઃ રકમ પ્રાપ્ત કરવાના હેતુ માટે સીધેસીધો શારીરિક હિંસાનો ઉપયોગ કરે અથવા એવો ઉપયોગ કરવાની ધમકી આપે અથવા અન્યથા કોઇ વ્યક્તિ મારફત કોઇ વ્યક્તિ સામે શારીરિક હિંસાનો ઉપયોગ કરે અથવા એવો ઉપયોગ કરવાની ધમકી આપે તેવો નાણાની ધીરધાર કરનાર અથવા નાણાની ધીરધાર કરનારે રોકેલી કોઇ વ્યક્તિ અથવા તેના વતી કામ કરનારી કોઇ વ્યક્તિ.’’. **સન ૨૦૧૧નો ગુજરાતનો ૧૪મો.**

(૫) ખંડ (ઝ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

**સન ૧૮૬૦નો ૪૫મો.**

(ઝક) "જાતીય ગુનો કરનાર" એટલે ભારતનો ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમો ૩૫૪, ૩૫૪-ક, ૩૫૪-ખ, ૩૫૪-ગ, ૩૫૪-ઘ, ૩૭૬, ૩૭૬-ક, ૩૭૬-ખ, ૩૭૬-ગ, ૩૭૬-ઘ અથવા ૩૭૭ અથવા જાતીય ગુનાઓથી બાળકોને રક્ષણ આપવા બાબત અધિનિયમ, ૨૦૧૨ હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનો કરે અથવા એવો ગુનો કરવાનો પ્રયત્ન કરે અથવા તેમાં મદદગારી કરે તેવી વ્યક્તિ;". સન ૨૦૧૨નો ૩૨મો.

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, પેટા-કલમ (૪)માં, "અનૈતિક વેપાર ગુનેગાર અથવા મિલકત પચાવી પાડનાર એ શબ્દો પછી, "સાઇબર ગુનો કરનાર અથવા નાણાની ધીરધાર સંબંધી ગુનો કરનાર અથવા જાતીય ગુનો કરનાર એ શબ્દો દાખલ કરવા. **સન ૧૯૮૫ના ગુજરાતના ૧૬-મા અધિનિયમની કલમ ૩-નો સુધારો.**

સન ૨૦૨૦નો ગુજરાત વટહુકમ ૧૧મો.

**૫.** (૧) ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત (સુધારા) વટહુકમ, ૨૦૨૦ આથી રદ કરવામાં આવે છે. **રદ કરવા બાબત અને અપવાદ.**

(૨) એવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ કોઇપણ કાર્ય અથવા લીધેલ કોઇ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કર્યું છે અથવા લીધું છે એમ ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫, અસામાજિક તત્વોની અટકાયત કરીને શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં ખૂબ જ ઉપયોગી રહ્યો છે. તેમ છતાં, રાજ્યની ઝડપી વૃદ્ધિ સાથે, કાયદાનો અમલ કરતી એજન્સીઓને, જાતીય ગુનો કરનારા, સાઇબર–ક્રાઇમ ગુનો કરનારા અને ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ની જોગવાઇઓનું સ્પષ્ટ રીતે ઉલ્લંઘન કરીને વધુ પડતા વ્યાજ દરે નાણાં ઉછીના આપતા અને તેની વસૂલાતના અસંખ્ય ઉપાયોનો આશરો લઇને જરૂરતમંદ વ્યક્તિઓને ઉછીના આપેલા નાણાંની વસૂલાત કરાવનાર નાણાની ધીરધાર કરનારા જેવા નવા પ્રકારના ગુના કરનારાના પડકારોનો સામનો કરવો પડે છે અને તેથી, સદરહુ ગુનેગારોના આવા પડકારો સામે મોટા પાયા પર જાહેર જનતાના હિતોની રક્ષા અને સુરક્ષા કરવી એ સમયની જરૂરિયાત છે.

તે બાબત પણ ધ્યાન પર આવી છે કે “જુગારના અડ્ડા(નો હવાલો ધરાવનાર વ્યક્તિ)”ની અટકાયત માટેની જોગવાઇ બિન-અસરકારક પુરવાર થઇ છે કારણકે તે, ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭ની કલમ ૪ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે અને ત્રણ વર્ષની મુદતની અંદર સદરહુ કલમ હેઠળ બીજો ગુનો કરવા માટે દોષિત ઠેરવે છે.

તેથી, સદરહુ અધિનિયમને, તેમાં, “જુગારનો અડ્ડો ચલાવનાર”ની વ્યાખ્યા બદલવાની સાથે, જાતીય ગુનો કરનાર, સાઇબર–ક્રાઇમ ગુનો કરનાર અને નાણાની ધીરધાર સંબંધી ગુનો કરનાર-ની વ્યાખ્યાઓ દાખલ કરીને સુધારો કરવો આવશ્યક છે, જેથી કરીને, સદરહુ ગુના કરનારાનો અસરકારકતાથી સામનો કરી શકાય. વિધેયકની કલમો ૨, ૩ અને ૪-થી, તે માટે જોગવાઇ કરી છે.

તે સમયે ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા માટે, ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત (સુધારા) વટહુકમ, ૨૦૨૦ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, સદરહુ વટહુકમના સ્થાને રાજય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

**તારીખ: ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૦.** **પ્રદીપસિંહ જાડેજા.**

# પુરવણી

## ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ (સન ૧૯૮૫ના ગુજરાતના ૧૬મા ) માંથી ઉતારા.

દારુનો ગેરકાયદેસર ધંધો કરનારા, ભયજનક વ્યક્તિઓ, ઔષધ ગુનેગારો, અનૈતિક વેપાર ગુનેગારો અને મિલકત પચાવી પાડનારાઓની, જાહેર વ્યવસ્થા જાળવી રાખવાને બાધ આવે તેવી અસામાજિક અને ભયજનક પ્રવૃત્તિઓ અટકાવવાને તેમની નિવારક અટકાયત માટે જોગવાઇ કરવા બાબત અધિનિયમ.

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભ ઉપરથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- **વ્યાખ્યા.**

(ક) અને (ખ) *** *** ***

**સન ૧૮૮૭નો મુંબઇનો ૪થો.**

(ખખ) "જુગારનો અડ્ડો ચલાવનાર" એટલે જે કોઇ વ્યક્તિ, મુંબઇ જુગાર પ્રતિબંધ અધિનિયમ, ૧૮૮૭ની કલમ ૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરી હોય અને એવી રીતે દોષિત ઠર્યાની તારીખથી ત્રણ વર્ષની અંદર પોતે અથવા ટોળીના સભ્ય અથવા સરદાર તરીકે તે કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો વારંવાર કરે અથવા કરવાની કોશિશ કરે અથવા તે કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;

(ખખખ) *** *** ***

**સન ૧૮૬૦નો ૪૫ મો.**

**સન ૧૯૫૯નો ૫૪ મો.**

(ગ) "ભયજનક વ્યક્તિ" એટલે જે વ્યક્તિ, પોતે અથવા કોઇ ટોળીના સભ્ય અથવા સરદાર તરીકે 'ભારતના ફોજદારી અધિનિયમ' ના પ્રકરણ ૧૬ અથવા પ્રકરણ ૧૭ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ પૈકીનો કોઇપણ ગુનો અથવા 'શસ્ત્ર અધિનિયમ,૧૯૫૯' ના પ્રકરણ ૫ હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ પૈકીનો કોઇપણ ગુનો વારંવાર કરે અથવા કરવાની કોશિશ કરે અથવા તે કરવામાં મદદગારી કરે તે વ્યક્તિ;

(ઘ) થી (ટ) *** *** ***

**3.** (૧) થી (૩) *** *** ***

**અમુક વ્યક્તિઓને અટકાયતમાં રાખવાના હુકમો કરવાની સત્તા.**

(૪) આ કલમના હેતુ માટે, દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર અથવા ભયજનક વ્યક્તિ અથવા ઔષધ ગુનેગાર અથવા અનૈતિક વેપાર ગુનેગાર અથવા મિલકત પચાવી પાડનાર તરીકે કોઇ વ્યક્તિ, જાહેર વ્યવસ્થાને પ્રતિકૂળ અસર કરતી હોય અથવા જેનાથી પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય એવી પ્રવૃત્તિઓ, પૈકી કોઇ પ્રવૃત્તિમાં

રોકાયેલ હોય અથવા તેમાં રોકાવા માટે તૈયારી કરતી હોય, ત્યારે આવી વ્યક્તિ, "જાહેર વ્યવસ્થાને બાધ આવે તેવી રીતે કામ કરે છે" એમ ગણાશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુ માટે, આ પેટા-કલમમાં ઉલ્લેખેલી કોઇ વ્યક્તિની પ્રવૃત્તિઓ પૈકીની કોઇ પ્રવૃત્તિથી, પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે, સામાન્ય લોકોમાં અથવા તેના કોઇપણ વર્ગમાં, કંઇપણ ઉપદ્રવ, જોખમ અથવા ભય અથવા અસલામતીની લાગણી ઉભી થતી હોય અથવા ઉભી થવાનો સંભવ હોય અથવા જાન, મિલકત અથવા જાહેર આરોગ્ય, ગંભીર અથવા વ્યાપક પ્રમાણમાં જોખમમાં મૂકાતા હોય અથવા મૂકાવાનો સંભવ હોય, તો બીજી બાબતોની સાથે, જાહેર વ્યવસ્થાને પ્રતિકૂળ રીતે અસર થઇ હોવાનું ગણાશે અથવા પ્રતિકૂળ રીતે અસર થવાનો સંભવ હોવાનું ગણાશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૦ ]

ગુજરાત અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રદીપસિંહ જાડેજા,

ગૃહ રાજ્ય મંત્રીશ્રી.]

(સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૧૬મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT PREVENTION OF ANTI-SOCIAL ACTIVITIES (AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 20 OF 2020.**

***A BILL***

*further to amend the Gujarat Prevention of Anti-social Activities Act, 1985.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Prevention of Anti-social Activities (Amendment) Act, 2020.

(2) It shall be deemed to have come into force on the $7^{th}$ September, 2020.

Amendment of long title of Guj. 16 of 1985.

**2.** In the Gujarat Prevention of Anti-social Activities Act, 1985 (hereinafter referred to as "the principal Act"), in the long title, for the words "immoral traffic offenders and property grabbers", the words "immoral traffic offenders, property grabbers, cyber offenders, money lending offenders and sexual offenders" shall be substituted. Guj. 16 of 1985.

Amendment of section 2 of Guj. 16 of 1985.

**3.** In the principal Act, in section 2, -

(i) for clause (bb), the following clause shall be substituted, namely:-

"(bb) "common gaming house keeper" means a person who commits or attempts to commit or abets the commission of an offence punishable under section 4 of the Gujarat Prevention of Gambling Act, 1887;"; Bom. IV of 1887.

(ii) after clause (bbb), the following clause shall be inserted, namely:-

"(ba) "cyber offender" means a person who commits or attempts to commit or abets the commission of offence punishable under Chapter XI of the Information Technology Act, 2000;"; 21 of 2000.

(iii) in clause (c), for the words "Chapter XVI or Chapter XVII of the Indian Penal Code", the words "Chapter VIII or Chapter XVI (except section 354, 354A, 354B, 354C, 354D, 376, 376-A, 376-B, 376-C, 376-D or 377) or Chapter XVII or Chapter XXII of the Indian Penal Code" shall be substituted. 45 of 1860. 45 of 1860.

(iv) after clause (g), the following clause shall be inserted, namely:-

"(ga) "money lending offender" means a person, who commits or attempts to commit or abets the commission of offences under Chapter IX of the Gujarat Money Lenders Act, 2011 or a money lender or any person engaged by the money lender or someone acting on his behalf, who uses or threatens to use physical violence directly or otherwise or through any person Guj. 14 of 2011.

against any person for the purpose of collecting any part of the loan or interest thereon or any instalment thereof or for taking any movable or immovable property connected with the loan transaction or the realization of whole or part of the loan amount or interest thereon.”.

(v) after clause (h), the following clause shall be inserted, namely:-

“(ha) “sexual offender” means a person, who commits or attempts to commit or abets the commission of any offence punishable under section 354, 354A, 354B, 354C, 354D, 376,

**45 of 1860.** 376-A, 376-B, 376-C, 376-D or 377 of the Indian Penal Code or

**32 of 2012.** the Protection of Children from Sexual Offences Act, 2012;”.

**4.** In the principal Act, in section 3, in sub-section (4), after the words “immoral traffic offender or property grabber”, the words “cyber offender or money lending offender or sexual offender” shall be inserted. **Amendment of section 3 of Guj. 16 of 1985.**

**Guj. Ord. 11 of 2020.** **5.** (1) The Gujarat Prevention of Anti-social Activities (Amendment) Ordinance, 2020 is hereby repealed. **Repeal and saving.**

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Prevention of Anti-social Activities Act, 1985 has been immensely useful in maintaining peace and order by detaining the anti-social elements. However, with the rapid growth of the State, the law enforcement agencies are faced with the challenges of new kind of offenders, viz. the sexual offenders, the cyber-crime offenders and money lenders lending money at the exorbitant rate of interest in clear violation of the provisions of the Gujarat Money Lenders Act, 2011 and causing the recovery of the moneys lent to the persons in need by resorting to myriad ways of recovery and therefore, it is need of the hour to protect and safeguard the interests of the public at large from such challenges of the said offenders.

It is also noticed that the provision for detention of "common gaming house" has proved to be ineffective as it entails conviction for the offence punishable under section 4 of the Gujarat Prevention of Gambling Act, 1887 and the commission of another offence under the said section within a period of three years.

The said Act is therefore, required to be amended by inserting therein the definitions of the sexual offenders, cyber-crime offenders and money lending offenders as also substituting the definition of the "common gaming housekeepers" so as to effectively counter the said offenders. *Clauses* 2, 3 and 4 of the Bill provides for the same.

As the Legislative Assembly of the State of Gujarat was not in session at that time, the Gujarat Prevention of Anti-social Activities (Amendment) Ordinance, 2020 was promulgated to amend the said Act to achieve the aforesaid objects.

This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

Dated the 16th September, 2020. **PRADEEPSINH JADEJA.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT PREVENTION OF ANTI-SOCIAL ACTIVITIES ACT, 1985.

**( Guj. 16 of 1985)**

An Act to provide for preventive detention of boot-leggers, dangerous persons, drug offenders, immoral traffic offenders and property grabbers preventing their anti-social and dangerous activities prejudicial to the maintenance of public order.

**2.** In this Act, unless the context otherwise, requires,- **Definitions.**

(a) and (b) XXX XXX XXX

(bb) "common gaming house keeper" means a person who, having been convicted of an offence punishable under section 4 of the Bombay Prevention **Bom. IV of 1887.** of Gambling Act, 1887, within a period of three years from the date of such conviction either by himself or as a member or leader of a gang habitually commits or attempts to commit or abets the commission of an offence punishable under that section;

(bbb) XXX XXX XXX

(c) "dangerous person" means a person, who either by himself or as a member or leader of a gang, during a period of three successive years habitually commits, or attempts to commit or abets the commission of any of the offences **XLV of 1860.** punishable under Chapter XVI or Chapter XVII of the Indian Penal Code or **54 of 1959.** any of the offences punishable under Chapter V or the Arms Act 1959;

(d) to (i) XXX XXX XXX

**3.** (1) to (3) XXX XXX XXX **Power to make orders detaining certain persons.**

(4) For the purpose of this section, a person shall be deemed to be "acting in any manner prejudicial to the maintenance of public order" when such person

is engaged in or is making preparation for engaging in any activities, whether as a bootlegger or common gaming house keeper or cruel person or dangerous person or drug offender or immoral traffic offender or property grabber, which affect adversely or are likely to affect adversely the maintenance of public order.

***Explanation-*** For the purpose of this sub-section, public order shall be deemed to have been affected adversely or shall be deemed likely to be affected adversely *inter alia* if any of the activities of any person referred to in this sub-section directly or indirectly, is causing or is likely to cause any harm, danger or alarm or feeling of insecurity among the general public or any section thereof or a grave or widespread danger to life, property or public health.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 20 OF 2020.**

***A BILL***

*further to amend the Gujarat Prevention of Anti-social Activities Act,1985.*

**[ SHRI PRADEEPSINH JADEJA,
MINISTER OF STATE FOR HOME]**

**( As published in the Gujarat Government Gazette 16th September, 2020)**

**D.M.PATEL,**
Secretary,
Gujarat Legislative Assembly.